# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૧ A તા.૦૬-૦૩-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- જાહેર સ્થળોએ સ્પીટીંગ ન કરવા બાબતે.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત આપણું અમદાવાદ શહેર સ્વચ્છ શહેર બને તે માટે શાળા કક્ષાએ જનજાગૃતિના કાર્યક્રમો કરવાના થાય છે.

હાલમાં માન. વડાપ્રધાનશ્રીના હસ્તે શરૂ કરવામાં આવેલ સ્વચ્છ ભારત મિશનનો સ્વચ્છ ભારત મિશન ૨.૦ મુજબનો બીજો તબક્કો ચાલી રહેલ છે. એક સ્વચ્છ અને વિકસિત દેશની કલ્પના પૂજ્ય મહાત્મા ગાંધીજીએ કરેલ હતી તેને સાકાર કરવા માટે દેશ લેવલે વિવિધ જનજાગૃતિ અભિયાનો ચાલી રહ્યા છે. દેશના મોટા મોટા શહેરો સ્વચ્છ બનવા લાગ્યા છે, આપણા શહેરમાં પણ રોજ સવારે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ડોર ટુ ડોર શેરી મહોલ્લા અને સોસાયટીમાંથી ભીનો કચરો અને સુકો કચરો એકત્રિત કરવા માટે પુરી પાડવામાં આવતી સેવાઓ સરાહનીય છે જેના લીધે હવે આપણું શહેર અમદાવાદ પણ સ્વચ્છ અને હરિયાળુ જોવા મળી રહ્યુ છે. આપણી શેરી, સ્લમ, મહોલ્લા, સોસાયટી, વોર્ડ, ઝોન અને આપણું શહેર પ્રતિદિન સ્વચ્છ બની રહે અને ટકી રહે તે માટે પ્રાથમિક કક્ષાએથી જ સ્વચ્છતાનો ગુણ બાળકોમાં કેળવાય અને આપણા બાળકો સ્વચ્છતાના દૂત એટલે કે સ્વચ્છતાના **'બ્રાન્ડ એમ્બેસેડર'** બની સ્વચ્છતાનો સંદેશ ઘર- ઘર સુધી પહોંચાડે તેવી પ્રેરણા આપણી શાળામાં ભણતા બાળકોને આપીએ.

આ સાથે સામેલ '' જાહેરમાં સ્પીટીંગ ન કરવા બાબતે'' નું પત્રક પ્રત્યેક શિક્ષકે શાળાના પોકેટ એરિયામાં શાળા સમય બાદ તા. ૦૭-૦૩-૨૦૨૪ થી તા. ૧૫-૦૩-૨૦૨૪ સુધીમાં ઓછામાં ઓછા ૫૦ કુટુંબનો સંપર્ક કરી પત્રક ભરવાના રહેશે તેમજ ધો. ૫ થી ૮ ના દરેક વિદ્યાર્થીએ ૧૦ વ્યક્તિના પત્રક ભરવાના રહેશે. રોજે - રોજ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવેલ પત્રકની એકંદરી સાથેનો અહેવાલ મુખ્ય શિક્ષક દ્વારા ઝોન ઓફિસે મોકલવાનો રહેશે. તેમજ ઝોન ઓફિસ દ્વારા મુખ્ય ઓફિસ દ્વારા આપવામાં આવેલા ફોર્મેટમાં ફોટોગ્રાફ અને વિગતો રોજે- રોજ મોકલવાની રહેશે.

| ક્રમ | ઝોનનું નામ | શિક્ષકની કુલ સંખ્યા | ભરવામાં આવેલ પત્રકની સંખ્યા | વિદ્યાર્થીની કુલ રજીસ્ટર સંખ્યા (ધો. ૫ થી ૮) | વિદ્યાર્થી દ્વારા ભરવામાં આવેલ પત્રકની સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | | | | |

બિડાણ:-પત્રક

તા.૦૬-૦૩-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

## ઝોનનું નામ......................

શાળાનું નામ :- ...................................................................................... ધોરણ:-...............

શિક્ષક/વિધાર્થીનું નામ...............................................................................................................

વ્યક્તિનું નામ: ......................................................................................................................

| ક્રમ | પ્રશ્ન | જવાબ ( હા/ના) |
|---|---|---|
| 1 | તમારા પરિવારમાં કુલ કેટલા સભ્યો છે? | ............................ |
| 2 | તમારા પરિવારમાં કોઈ પાન- મસાલા ખાય છે? | હા કે ના<br>હા તો<br>પુ. ............ સ્ત્રી........... |
| 3 | પાન-મસાલા ખાઇને પરિવારના સભ્યો થુંક દાનીનો ઉપયોગ કરે છે ? | હા/ના ................ |
| 4 | થૂંકદાની ન હોય તેવી જગ્યાએ દિવાલોના ખૂણાઓમાં થૂંકે છે ? | હા/ના ................ |
| 5 | તમારા પરિવારના સભ્યો વાહન ઉપર જતાં રસ્તામાં કે ટ્રાફીક સિગ્નલ પર થૂંકે છે ? | હા/ના ................ |
| 6 | પાન-મસાલાના ગલ્લાઓ પર થૂંકદાની રાખતા હોય તેવું જોવા મળે છે? | હા/ના ................ |
| 7 | જાહેર સ્થળોએ થૂંકદાની જોવા મળે છે? | હા/ના ................ |
| 8 | જાહેરમાં થૂંકદાનીનો ઉપયોગ થતો જોવા મળે છે ? | હા/ના ................ |
| 9 | જાહેર સ્થળોએ થૂંકવું એ યોગ્ય બાબત છે? | હા/ના ................ |
| 10 | જાહેરમાં થૂંકતા લોકોને તમે રોકશો કે ટોકશો ? | હા/ના ................ |